RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 07 * Date: 25.10.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## કેબિનેટનો મોટો નિર્ણય, તહેવાર ટાણે ૭૦૦૦ 'છઠ અને દિવાળી સ્પેશિયલ ટ્રેન' દોડાવવાની કરી જાહેરાત



કેન્દ્રીય કેબિનેટે છઠ પૂજા તેમજ દિવાળી સહિતના તહેવારોને ધ્યાને લઈ રેલવેના મુસાફરોની સુવિધા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. કેબિનેટે તહેવાર ટાણે ૭૦૦૦ 'છઠ અને દિવાળી સ્પેશિયલ ટ્રેન' દોડાવવા માટે મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય રેલ્વે અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવએ કહ્યું કે, કેબિનેટના નિર્ણયથી બે લાખ મુસાફરોને મોટી રાહત થશે. આ સાથે બે મોટા રેલવે પ્રોજેક્ટને પણ મંજૂરી આપવામાં આવી છે.વૈષ્ણવે કહ્યું કે, કેબિનેટની બેઠકમાં રેલવે પ્રોજેક્ટ હેઠળ અમરાવતી માટે એક રેલવે લાઈન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત કૃષ્ણા નદી પર ૩.૨ કિલોમીટર લાંબો પુલ બનાવવામાં આવશે. આ પુલ અમરાવતીને હૈદરાબાદ, ચેન્નાઈ, કોલકાતા અને નાગપુરથી જોડશે.આ ઉપરાંત ઉત્તર ૪૫૫૩ કરોડ રૂપિયાના ખર્ચે બિહારને પૂર્વોત્તર રાજ્યો સાથે જોડવા માટે નરકટિયાગંજ-રક્સૌલ-સીતામઢી-દરભંગા અને સીતામઢી-મુઝફ્ફરપુર રેલવે લાઈનનું ડબલિંગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી ઉત્તર પ્રદેશ અને બિહારના અનેક મુસાફરોને ફાયદો થશે.ભારતીય રેલવેએ તહેવારોને ધ્યાને રાખી તાજેતરમાં જ ૩૦૫૦ વિશેષ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી હતી. આમાંની મોટાભાગની ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પૂર્વોત્તર રાજ્યો તરફ દોડશે. રેલવેએ ગયા વર્ષે ૧૦૮૨ વિશેષ ટ્રેનો દોડાવી હતી.

## ખુરશી જોખમમાં જોઈ મીટિંગમાં રડી પડ્યા ટ્રુડો, ત્રણ બાળકોના નામ લઈને કરી ભાવુક અપીલ

ભારત પર આક્ષેપો કરી સંબંધો બગાડનારા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો પર મુશ્કેલીઓના વાદળો ઘેરા બન્યા છે. તેમની ખુરશી જોખમમાં છે. ભારત પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ લગાવનાર કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના જ સાંસદો તેમના રાજીનામાની માંગ કરી રહ્યા છે. લિબરલ સાંસદોએ તેમને ૨૮ ઓક્ટોબર સુધીમાં રાજીનામુ આપવાનું અલ્ટિમેટમ આપ્યું છે. જો તેઓ આમ નહી કરે તો ગંભીર પરિણામો ભોગવવાની ચીમકી આપી છે. જસ્ટિન ટ્રુડોનું રાજકીય ભાવિ જોખમમાં મુકાયું છે. તે હવે પોતાની ખુરશી બચાવવા માટે પોતાના જ બાળકોની જ દુહાઈ આપી રહ્યા છે.રાજીનામાની માંગ સાંભળીને ભાવુક જસ્ટિન ટ્રુડો સભામાં જ પોતાના બાળકો માટે રડવા લાગ્યા. સૂત્રોનું કહેવું છે કે ટ્રુડોએ સાંસદોને જણાવ્યું કે, તેમની લાંબી રાજકીય કારકિર્દી બાદ આ રીતે અંતની અસર તેમના ત્રણ બાળકો પર પડશે. આટલુ બોલતાં જ તેઓ ભાવુક પણ થઈ ગયા હતાં. ટ્રુડોએ તેમના સંસદીય જૂથને કહ્યું છે કે એક નેતા તરીકે તેમની લાયકાત અંગે તેમની ચિંતાઓ સાંભળ્યા પછી તેમને કંઈ નહી તો પોતાના બાળકોને ધ્યાનમાં રાખતાં વિચારવા માટે થોડો સમય આપવો જોઈએ. ૨૩ ઓક્ટોબરના રોજ લિબરલ સાંસદોની બેઠક યોજાઈ હતી. તે બેઠકમાં જસ્ટિન ટ્રુડોની ખુરશી છીનવી લેવા ચર્ચા થઈ હતી. તેમજ ૨૮ ઓક્ટોબર



સુધી રાજીનામું આપી દેવાનું અલ્ટિમેટમ પણ આપ્યું છે. સાંસદોએ કહ્યું છે કે આગામી થોડા દિવસોમાં નક્કી કરો કે તમે નેતા બનવા માંગો છો કે પછી પરિણામ ભોગવવા તૈયાર રહો. લિબરલ પાર્ટીના સાંસદોએ જસ્ટિન ટ્રુડોને ચોથી વખત વડાપ્રધાન પદ માટે ચૂંટણી નહી લડવા જણાવ્યું છે. પાર્ટીના લગભગ ૨૪ સાંસદોએ ટ્રુડોને હટાવવાની માંગ કરતા પત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

## મહારાષ્ટ્ર ચૂંટણી પહેલા 'કાકા'ને ઝટકો, અજીત 'દાદા' પાસે જ રહેશે ઘડિયાળનું ચૂંટણી ચિહ્ન

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલાં શરદ પવારને મોટો ઝટકો લાગ્યો છે. અજીત પવારને ઘડિયાળનું ચૂંટણી નિશાન ઉપયોગ ન કરવા દેવાની માગને સુપ્રીમ કોર્ટે નકારી દીધી છે. એનસીપી (શરદ પવાર)એ બીજી ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં અજીત પવારને ચૂંટણી ચિહ્ન ઘડિયાળનો ઉપયોગ કરવા પર રોક લગાવવાની માગ કરી હતી.સુપ્રીમ કોર્ટે અજીત પવાર પાસે સોગંદનામુ માંગી તેમાં ઘડિયાળના ચિહ્ન સાથે કોર્ટમાં વિચારાધીન ડિસ્ક્લેમર લગાવવાના આદેશનું પાલન કરવાની વાત લખવા કહ્યું. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું, 'અમે અજીત પવારને જવાબનો મોકો આપીશું. જેમાં તે સોગંદનામું આપે કે, ભવિષ્યમાં અમારા આદેશનું ઉલ્લંઘન નહી થાય. આ સિવાય તેમાં લખે કે, ભૂતકાળમાં પણ અમે આવું નથી કર્યું. અજીત પવાર સોંગદનામું આપે કે, તે ૧૯ માર્ચ અને ૪ એપ્રિલના અમારા આદેશનું પાલન કરે છે.' આ મામલે આગળની સુનાવણી ૬ નવેમ્બરે થશે. ચૂંટણી પંચે અજીત પવારની એનસીપીને અસલી જાહેર કરી પાર્ટીના ચિહ્ન (ઘડિયાળ)નો ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો હતો. કોર્ટમાં





વિવાદ દરમિયાન શરદ પવારના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું, 'માર્ચમાં કરવામાં આવેલી સુનાવણીમાં કોર્ટે ચૂંટણી પંચને અમારા માટે ચિહ્ન ફાળવવાનો આદેશ આપ્યો હતો. અજીત પવારે કહ્યું હતું કે, ઘડિયાળના ચિહ્ન સાથે લખશે કે, મામલો હજુ કોર્ટમાં વિચારાધીન છે. તેઓએ તેનું યોગ્ય રીતે પાલન નથી કર્યું. લોકો ઘડિયાળના ચિહ્નને શરદ પવારથી ઓળખે છે.

## હવે એક સાથે ૮૫ વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, એરલાઈન્સ ટેન્શનમાં મુકાઈ



વિમાનોને બોમ્બથી ઉડાવવાની ધમકીઓ અટકવાનું નામ નથી લઈ રહી. હવે ૮૫ વિમાનોને ઉડાવવાની ધમકી મળી છે. તેમાં એર ઈન્ડિયાના ૨૦ વિમાન સામેલ છે. જે વિમાનોને ધમકી મળી છે, તેમાં ૨૦ ઈન્ડિગો, ૨૦ વિસ્તાર અને ૨૫ અકાસા એરની ફ્લાઈટ્સ સામેલ છે.ન્યૂઝ એજન્સીના અનુસાર, આ પહેલા દિલ્હી પોલીસે છેલ્લા આઠ દિવસમાં ૯૦થી વધુ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના મામલે આઠ અલગ-અલગ ફરિયાદ દાખલ કરાઈ છે. જે ફ્લાઈટ્સને ધમકી મળી છે, તેમાં અકાસા, એર ઈન્ડિયા, ઈન્ડિગો અને વિસ્તારાની સેવાઓ સામેલ છે. આ ફ્લાઈટ દિલ્હીથી અલગ અલગ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ સેવાઓ માટે સંચાલિત થાય છે. પોલીસનું કહેવું છે કે, આ કેસમાં તપાસ ચાલી રહી છે.એક વરિષ્ઠ પોલીસ અધિકારીના અનુસાર, ધમકી ભર્યા મેસેજ ઠ પર મળ્યા હતા જ્યારબાદ અધિકારીઓએ તેને ફગાવી દીધા. પહેલો કિસ્સો ૧૬ ઓક્ટોબરે બેંગાલુરૂ જનારી અકાસાની ફ્લાઈટને નિશાન બનાવવાથી જોડાયેલ હતો. ઠના માધ્યમથી મળેલી બોમ્બની ધમકી બાદ ફરિયાદ દાખલ કરાઈ હતી.

## જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં ફરી પાછો 'રાજ્ય'નો દરજ્જો મળશે, અમિત શાહે આપી ખાતરી

જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં ફરી પાછો રાજ્યનો દરજ્જો મળી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ મુદ્દે કામગીરી શરૂ થઈ શકે છે. જો કે, સત્તાવાર જાહેરાત થઈ નથી. બુધવારે સાંજે દિલ્હીમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ વચ્ચે મોટી બેઠક યોજાઈ હતી. સરકાર બનાવ્યા બાદની પ્રથમ બેઠકમાં જ એનસી સરકારે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો ઠરાવ રજૂ કર્યો હતો.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે. અડધો કલાક સુધી ચાલનારી આ બેઠક સકારાત્મક રહી હતી. ગૃહ મંત્રી અમિત શાહે રાજ્યનો દરજ્જો આપવાની કામગીરી શરૂ કરવાની ખાતરી આપી છે. જેનો સંકેત ઓમર અબ્દુલ્લાહે પણ આપ્યો છે.ઓમર અબ્દુલાહે આ



બેઠક બાદ નિવેદન આપ્યું હતું કે, આ એક શિષ્ટાચારની ભેટ હતી. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રીને જમ્મુ-કાશ્મીરની સ્થિતિ વિશે માહિતી આપવામાં આવી અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા મુદ્દે ચર્ચા કરી. જમ્મુ-કાશ્મીરને ૨૦૧૯માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યુ હતું. જેથી તેનું પોલીસ બળ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકાર ક્ષેત્રમાં છે.દિલ્હીમાં પોતાના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી અબ્દુલ્લાહ અનેક કેન્દ્રીય મંત્રીઓને મળશે તેમજ તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ મુલાકાત કરે તેવી સંભાવના છે. હાલમાં જ યોજાયેલી જમ્મુ-કાશ્મીર વિધાનસભા બેઠકમાં અબ્દુલ્લાહના પક્ષ નેશનલ કોંગ્રેસે ૯૦માંથી ૪૨ બેઠકો પર જીત મેળવી હતી.નાયબ રાજ્યપાલ મનોજ સિંહાએ અબ્દુલ્લાહ મંત્રીમંડળના રાજ્યનો દરજ્જો પાછો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જેની અંતિમ મંજૂરી કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવશે. રાજ્યને દરજ્જો આપવા મામલે મોટાભાગના મંત્રીઓએ સહમતિ દર્શાવી છે.

## વિદ્યાર્થીઓને વાહનોમાં ભરી સરકારી કાર્યક્રમોમાં લઈ જવાય છે, તેના માટે કોઈ ગાઈડલાઈન કેમ નહી

રાજ્ય સરકારે શાળા પ્રવાસ અંગે માર્ગદર્શિકા બહાર પાડી, કેટલાક નિયમો નિર્ધારીત કર્યા છે. વિદ્યાર્થીઓને ફક્ત પ્રવાસ માટે જ શાળાની બહાર લઈ જવામાં નથી આવતા. ઘણી વખત સરકારી કાર્યક્રમોમાં સંખ્યા બતાવવા કે કાર્યક્રમમાં રાખેલી ખાલી ખુરશીઓ ભરવા માટે પણ ઘણી વખત શાળાના વિદ્યાર્થીઓનો ભરપૂર ઉપયોગ થાય છે. ત્યારે આવી સ્થિતિ માટે સરકારે કોઈ નિયમો નથી બનાવ્યા. આવા સમયે તમામ નીતિ નિયમો નેવે મુકી જે તે શાળાઓ, ભાજપના પ્રતિનિધિઓ, સરપંચો, કોર્પોરિટરો, વોર્ડ પ્રમુખો માટે ભીડ ભેગી કરવા માટેના સોફ્ટ ટાર્ગેટ હોય છે વર્ગ ચારના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ.કોઈ મોટા નેતાનો રોડ શો હોય કે તેમની સભા હોય ત્યારે પણ શાળાના બાળકોને વેનમાં કે બસમાં ઠાંસી ઠાંસીને ભરીને કાર્યક્રમ સ્થળે લઈ જવામાં આવતા હોય છે. આવું મોટે ભાગે શહેરોમાં જોવા મળે છે. પરંતુ ગામડાઓમાં તો આઈસર ટેમ્પો કે ટ્રેક્ટરમાં બેસાડીને વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા હોય તેવા અનેક કિસ્સાઓ પણ ભૂતકાળમાં સામે આવી ચૂક્યા છે.

## વડોદરામાંથી પાવીજેતપુર વિસ્તારમાંથી દારૂના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

છોટાઉદેપુર જીલ્લાના પાવીજેતપુર ખાતે પકડાયેલા વિદેશી દારૂના કેસમાં સંડોવાયેલા અને છેલ્લા ત્રણ માસથી નાસતા ફરતા આરોપીને શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો હતો. આરોપીને આગળની કાર્યવાહી માટે પાવીજેતપુર પોલીસને સોંપવામાં આવ્યો છે. વડોદરા શહેરમાં રહેતા અને જુદા-જુદા ગુનાઓમાં સંડોવાયેલ અને ધરપકડ ટાળવા સારૂં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની સુચના ઉચ્ચ અધિકારી દ્વારા કરાય છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચના પેરોલ ફર્લો સ્કોર્ડની ટિમના માણસો નાસતા ફરતા આરોપીઓની શોધખોળ કરી રહ્યા હતા. જેને લઈને દરમિયાન શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પેરોલ ફર્લો સ્કોર્ડને મળેલી માહીતી આધારે એક ઈસમ વિશાલ ભુપેંદ્ર સોલંકી (ઉ.વ.૨૦ રહે. કલાલી ફાટક ગોકુળનગર, વડોદરા)ને શોધી કાઢયો હતો.

## તંત્રી સ્થાનેથી..

# ચોખાની નિકાસ વધારવા પારબોઈલ્ડ પરની ડયૂટી ઘટાડી

મુંબઈ : દેશમાંથી ચોખાની નિકાસ વધારવાના પ્રયાસના ભાગરૂપ સરકારે પારબોઈલ્ડ (ઉકળા) ચોખા પરની દસ ટકા નિકાસ ડયૂટી દૂર કરી તેને શૂન્ય કરી છે. વર્તમાન ખરીફ મોસમમાં ચોખાનું વિપુલ ઉત્પાદન જોવા મળી રહ્યું હોવાને કારણે ચોખાનો માલભરાવો થવાની સરકારને ચિંતા સતાવી રહી છે. ફોતરી ચોખા પરની નિકાસ ડયૂટી પણશૂન્ય કરવામાં આવી છે. વિવિધ નિયમનોને કારણે વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં ચોખાની નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ સાધારણ નીચી જોવા મળી હતી. સપ્ટેમ્બરના અંતે જારી કરાયેલા નોટિફિકેશનમાં ઉકળા ચોખા પરની નિકાસ ડયૂટી વીસ ટકા પરથી ઘટાડી દસ ટકા કરાઈ હતી.ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) પાસે ચોખાનો વધુ સ્ટોકસ જમા પડયો હોવાને કારણે પણ સરકાર ગોદામમાં નવો સ્ટોક ઊભો કરવા જુના ચોખાનો નિકાલ કરવા ઈરાદો ધરાવે છે.વિશ્વમાં ભારત ચોખાનો મોટો નિકાસકાર દેશ છે. ચોખાની નિકાસ પરના પ્રતિબંધ હળવા થવા સાથે વિશ્વબજારમાં ચોખાના પૂરવઠામાં વધારો થયો છે અને ભાવ નિયંત્રણ હેઠળ જોવા મળી રહ્યા છે. ગયા મહિને નોન-બાસમતિ સફેદ ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ પણ ઉઠાવી લેવાયો હતો.

# નિરમા યુનિવર્સિટીના મિકેનિકલ એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સ એસોસિએશન દ્વારા ટેકફેસ્ટ ''ક્ષિતિજ''નું આયોજન કરાયું



નિરમા યુનિવર્સીટી ના મેસા ક્લબ દ્વારા "ક્ષિતિજ" ટેક્નિકલ ફેસ્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસ ના ફેસ્ટ દરમ્યાન વિદ્યાર્થીઓ એ પ્રોજેક્ટ એક્ઝિબિશન, ટેકક્વિઝ, રોબોવોર્સ, ટેક્નોકન્સલ્ટન્સિ જેવી વિવિધ ઈવેન્ટ્સ માં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત રોબોટિક્સ, એન્સિસ અને સીએનસી પ્રોગ્રામિંગ ના વર્કશોપ્સ માં ભાગ લઈને આ વિષયો નું પ્રેક્ટિકલ જ્ઞાન મેળવ્યું હતું. મેસા બોર્ડ અને અન્ય સ્વયં સેવક વિદ્યાર્થીઓ ની સમિતિ એ સુંદર અને કાર્યક્ષમ આયોજન કરી ને આ ટેકફેસ્ટ ને સફળ બનાવ્યો હતો.

# ગુજરાતનાં ખેડૂતોને એક લાખ કરોડ જેટલા નુકશાન સામે નજીવી સહાયનાં નામે મોટી જાહેરાતનો ઢોલ પિટતી ભાજપ સરકાર

રાજ્યમાં ચાલુ વર્ષે કુદરત રૂઠી છે ત્યારે ગુજરાતનાં ખેડૂતોને એક લાખ કરોડ જેટલા નુકશાન સામે નજીવી સહાયનાં નામે મોટી જાહેરાતનો ઢોલ પિટતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અને રાજ્યસભા સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાજ્યમાં પહેલા અતિવૃષ્ટિ અને ત્યારબાદ કમોસમી વરસાદે ખેડૂતોની આખા વર્ષની મહેનત, તેના સપના, અરમાન પર પાણી ફેરવી નાખ્યું છે ત્યારે સરકાર પણ જાણે ખેડૂતોથી વિમુખ થઈ ગઈ હોય એ રીતે પાંચ પંદર હજાર સહાય આપી ખેડૂતોની મજાક કરી રહી છે. સરકારે ઉદાર હાથે જગતના તાતને ઉગારવા મદદ કરવી જોઈતી હતી. પરંતુ ખેડૂતોની મુશ્કેલી સમયે સરકાર મોઢું ફેરવી લીધું છે. જગતના તાતને નુકસાન અનેક ઘણું થયું છે. ત્યારે ખેડૂત અને ખેતીને બચાવવા સરકાર ૧૦૦૦૦ કરોડ રૂપિયા નું પેકેજ આપ્યું હોત તો ખેડુત-ખેતીને બચાવી શકાય. ઉદ્યોગપતિઓના ૩૦ લાખ કરોડ રૂપિયા માફ કરનારી ભાજપ સરકાર ખેડૂતો પ્રત્યે દરેક વખતે કેમ ઓરમાયું વર્તન રાખે છે? અત્યારે ખેડૂતોના તૈયાર પાકના પથારાઓ તરી રહ્યા છે પહેલા અતિવૃષ્ટિ અને ત્યારબાદ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો કુદરતે છીનવી લીધો છે અત્યારે ખેડૂતો રાતે પાણીએ રોઈ રહયા છે ખેડૂતોની આવી દયનિય સ્થિતિ હોવા છતાં ખેડૂતોની વાત સરકાર સુધી પહોંચતી નથી કે સરકાર સાંભળવા માંગતી નથી કુદરત કોઈના કન્ટ્રોલમાં નથી પણ સરકારે તો સાંભળવું જોઈએ કે નહીં ?

ગુજરાતમાં ખેડૂતોને કુદરતી આપતી સામે રક્ષણ આપતી એકપણ યોજના અમલમાં નથી. ૧૪૦% થી વધારે વરસાદ હોવા છતાં લીલો દુષ્કાળ કેમ જાહેર કરતા નથી અમે ખેડૂતોનો હક્ક માંગીએ છીએ ભીખ નથી માંગી રહયા. ભાજપ સરકારની નીતિ ખેડૂતોના ભોગે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની છે ખેડૂતોની જમીન છીનવી લઈ ઉદ્યોગકારોને જમીન આપવાનો મોટો કારસો ભાજપ સરકાર કરી રહી છે ભાજપ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં ઉદ્યોગપતિઓના ૩૦ લાખ કરોડ માફ કર્યા છે તો ખેડૂતોનું દેવું માફ શા માટે કરવામાં આવતું નથી?

ગુજરાતમાં ૧૦૪ તાલુકામાં નિયમોનુંસાર લીલો દુષ્કાળ જાહેર થવા પાત્ર હોવા છતાં સરકાર લીલો દુષ્કાળ જાહેર કરતી નથી. ખેડૂતોનાં મુશ્કેલ સમયમાં તેમને મળવા પાત્ર યોગ્ય વળતર આપવામાં આવે અને પાક ધિરાણ સામે કોઈ ઉપજ નથી થવાની ત્યારે સંપૂર્ણ પાક ધિરાણ માફ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# સર્વશ્રેષ્ઠ દૂધ એટલે દેશી ગાયનું દૂધ

સનાતન હિન્દુ ધર્મનાં અનેક સંપ્રદાયોનો પ્રાણી માત્રની રક્ષા અને કલ્યાણનો ગૌરવશાળી વારસો ભારતમાં જોવા મળે છે. પ્રાણી માત્ર પરમેશ્વરની પ્રતિકૃતિ છે. તેમાંય ગૌમાતા સૌથી વધુ પૂજનીય આત્મા છે. ગાય વિશ્વમાતા છે. સર્વ સુખ પ્રદાયીની છે. ગૌ રક્ષા એ આપણો રાષ્ટ્ર ધર્મ છે. ગૌ સેવા આપણા જીવનમાં વણાયેલી છે. ગૌ સંસ્કૃતિ આપણા રાષ્ટ્રની આધારશીલા છે એટલે જ તો, ભારતવર્ષ ગૌ, ગંગા, ગીતા, ગાયત્રી અને ગોવિંદની સંસ્કૃતિનાં દેશ તરીકે પ્રખ્યાત છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે. એવું કહેવાતું હતું કે ભારત દેશમાં ગાયના દુધની નદીઓ વહેતી હતી. ગાયનું દુધ અણમોલ તો હોય જ છે પણ તેમાં પણ દેશી ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે, પણ કહેવાતા આધુનિકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે, કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. દેશી ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે. દેશી ગાયનું દૂધ ભેંસનાં દૂધ કરતા વધારે સુપાચ્ય હોય છે. દેશી ગાયનું દૂધ એ કફ, પિત્ત અને વાયુનો સમનવ્ય કરે છે જ્યારે ભેંસનું દૂધ કફમાં વધારો કરે છે. દેશી ગાયનું દૂધ પીવાથી કુશાગ્ર બુદ્ધિ વિકસે છે જેથી યાદશક્તિ વધે છે જ્યારે ભેંસનું દૂધ બુદ્ધિને મંદ બનાવે છે અને વધારે ઊંઘ લાવવા માટે જવાબદાર બને છે. દેશી ગાયનાં દૂધમાં તમામ પ્રકારનાં વિટામિન્સ હોય છે ખાસ કરીને વિટામીન-ઈ વધારે માત્રામાં હોય છે જે દ્રષ્ટિને સાફ કરે છે અને હદયને સ્વસ્થ બનાવે છે. ભેંસનાં દુધમાં કોલેસ્ટ્રોલ હોય છે જે રક્ત વાહિનીઓમાં અવરોધ ઉત્પન્ન કરે છે, જેમાં હદયાઘાતની સંભાવના રહેલી છે. દેશી ગાયનાં દુધમાં સુર્વણ ક્ષાર હોય છે જેની વૈજ્ઞાનિકોએ પણ સાબિતી આપી છે. આ સુર્વણ ક્ષાર સત્વગુણ ધરાવે છે. ગાય પોતાના બાળકો પ્રત્યેનો પ્રેમ અને વાત્સલ્ય જોઈને દૂધ આપે છે જ્યારે ભેંસ ખોરાક જોઈને દૂધ આપે છે. આ તમામ કારણોસર દેશી ગાયનું દૂધ એ ભેંસનાં દુધથી ચડીયાતું છે.

સર્વશ્રેષ્ઠ દૂધ એટલે દેશી ગાયનું દૂધ

જો ગાય બચશે તો જ આપણે બચીશું
મિત્તલ ખેતાણી(

# ગુજરાતની ઊર્જાવાન ઊર્જા ટીમમાં વધુ ૩૯૪ નવા જુનિયર ઈજનેરો જોડાયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઊર્જા વિભાગની ચાર વીજ વિતરણ કંપનીઓમાં નવી નિમણૂક પામેલા ૩૯૪ જુનિયર ઈજનેરોને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં નિમણૂક પત્રો એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની ઊર્જા ટીમમાં નવી નિમણૂક પામી રહેલા આ યુવા ઈજનેરોની કાર્યકુશળતાથી ઊર્જા ક્ષેત્ર વધુ દીપી ઉઠશે તેવી અપેક્ષા આ તકે વ્યક્ત કરી હતી.




એમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્રાન્સપેરન્સીથી ભરતી માટેની એક સિસ્ટમ ઊભી કરી છે. આના પરિણામે નાનામાં નાના, છેવાડાના, યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિને સરળતાથી સરકારી સેવામાં જોડાવાની તક મળે છે.

ઊર્જા સેક્ટર જેવા સમાજના અગત્યના ક્ષેત્રમાં વિઝનરી નેતૃત્વ કેવો બદલાવ લાવી શકે છે તેનું દ્રષ્ટાંત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિગ્રામ યોજના, સોલાર પાર્ક, સોલાર રૂફટોપ, કિસાન સૂર્યોદય, પી.એમ. સૂર્યઘર મુફ્ત વીજળી યોજના જેવી યોજનાઓના સફળ અમલથી પૂરું પાડ્યું છે એની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ નવનિયુક્ત યુવા ઈજનેરોને પ્રેરણા આપતા ઉમેર્યું કે, લોકોની પાયાની જરૂરિયાત એવી વીજળી-ઊર્જા સાથે સંકળાઈને જે જનસેવાની તક તમને મળી છે તેને તમારી વીજ કંપનીના કાર્યદક્ષ વ્યાપથી વધુ વિસ્તારજો.

રાષ્ટ્ર હિત, રાજ્ય હિત હૈયે રાખીને કાર્યરત રહેવા સાથે ઊર્જા કર્મીઓ વાવાઝોડા, વરસાદ, પૂર જેવી કપરી સ્થિતિમાં જીવના જોખમે ખડે પગે રહીને લોકોના ઘરોમાં અજવાળું પાથરે છે તે માટે તેમણે સમગ્ર ઊર્જા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આવી ટીમની કાર્યકુશળ ઊર્જા અને જનસેવા પ્રતિબદ્ધતાથી જ ગુજરાત ઊર્જાવાન બન્યું છે.

આપણે સૌએ સાથે મળીને કર્તવ્યરત રહી ૨૦૪૭ના વિકસિત ભારત માટે વિકસિત ઊર્જાવાન ગુજરાતનું નિર્માણ કરવાનું છે તેવું આહવાન પણ તેમણે નવનિયુક્ત યુવા ઈજનેરોને શુભેચ્છાઓ પાઠવતા કર્યુ હતું.

આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઁ ય્ફઝન્ની નવનિર્મિત આટકોટ સબ-ડિવિઝન ઑફિસ, રાજકોટ ખાતે ય્ર્ઁના વાજડી ટ્રેનિંગ સેન્ટર, જીન્હ્રઝના નવા રિન્યુએબલ એનર્જી મેનેજમેન્ટ બિલ્ડિંગ તેમજ ય્ર્ઁના ૭ નવા સબ-સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઈ-ઝ્રય્ઇહ્ સ પોર્ટલ, ય્ેંફદ્ગન્ની ×ઊર્જા સંવાદ× મેગેઝિન તેમજ બુકલેટનું પણ લોન્ચિંગ કર્યું હતું.

ગુજરાતના કર્મનિષ્ઠ વીજકર્મીઓની કામગીરીને આ અવસરે બિરદાવતાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે ગુજરાત ૨૪ કલાક વીજળીથી વેગવંતુ અને ઊર્જાવાન બન્યું છે. વાવાઝોડું, ભારે વરસાદ જેવી કટોકટીની પરિસ્થિતિ વચ્ચે પણ નાગરિકોને વીજ પુરવઠો પૂરો પાડવા વીજ કર્મીઓએ સતત ખડેપગે રહીને માત્ર ૨૪ થી ૩૬ કલાકમાં વીજ પુરવઠો પૂર્વવત કર્યો હતો.

નવનિયુક્ત યુવાનોને અભિનંદન પાઠવતાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, તમને દેશની ઉત્તમ સેવા કરવાનો અવસર મળ્યો છે. ગુજરાતની ચાર વીજ વિતરણ કંપનીને ઉમદા કાર્યપદ્ધતિ માટે છ પ્લસ ગ્રેડ પ્રાપ્ત થયો છે. નવા નિમણૂક મેળવનારા તમામ કર્મચારીઓએ આ જ રીતે ઉમદા કામગીરી કરીને આ ગ્રેડને જાળવી રાખશે તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં અતિવૃષ્ટિ જેવી કટોકટીની કોઈપણ પરિસ્થિતિમાં વીજળીની ગુણવત્તા વધારવા અને જોખમને ઘટાડવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દરિયા કિનારાથી ૫૦ થી ૬૦ કિલોમીટર સુધીની તમામ કેબલિંગ લાઇન અન્ડર ગ્રાઉન્ડ કરવાની પ્રેરણા આપી છે તે દિશામાં ઊર્જાવિભાગ આગળ વધશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને દિવસે પણ વીજળી આપવાના મુખ્યમંત્રીશ્રીના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ખૂબ ઝડપથી કામગીરી થઈ રહી છે. ૯૦% ગામડાઓમાં કામગીરી પૂર્ણ થઈ છે. બાકીની કામગીરી આગામી ડિસેમ્બર મહિના સુધી પૂર્ણ કરાશે, તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

મુખ્ય સચિવ શ્રી રાજકુમારે નવનિયુક્ત જુનિયર ઈજનેરોને શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું કે, આજના યુગમાં વીજળી નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત છે. રાજ્યના દરેક નાગરિક સુધી અવિરત વીજ પુરવઠો મળતો રહે તે તમામ વીજ કર્મીઓએ સુનિશ્ચિત કરવાનું છે.

મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, તાજેતરમાં જ ગુજરાત મુલાકાતે આવેલા ૧૬માં નાણા પંચે પણ રાજ્યના વીજ ક્ષેત્રની સરાહના કરી હતી. ભવિષ્યમાં ગ્લોબલ વૉર્મિંગ જેવા અનેક પડકારો સામે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રની દિશામાં નવયુવાનોએ કામ કરવું અનિવાર્ય છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ સમારોહના પ્રારંભે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ. જે. હૈદરે સૌનું શાબ્દિક સ્વાગત કરીને નવનિયુક્ત જુનિયર ઈજનેરોને ઊર્જા વિભાગમાં આવકાર્યા હતા. ય્ેંફદ્ગન્ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયપ્રકાશ શિવહરે દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ઊર્જા વિભાગ અને ય્ેંફદ્ગ- સંલગ્ન વીજ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ અને નવનિયુક્ત ઉમેદવારો અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.




# 'અહિંસા વિશ્વ ભારતી' દ્વારા ચંદીગઢના પંજાબ રાજભવન ખાતે ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ વર્ષ પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

'અહિંસા વિશ્વ ભારતી' સંસ્થા દ્વારા ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ વર્ષ નિમિત્તે વિશ્વ શાંતિ દૂત જૈન આચાર્ય લોકેશજી અને પંજાબના રાજયપાલ ગુલાબચંદ કટારિયાનાં સાનિધ્યમાં ચંદીગઢ, પંજાબના રાજભવન ઓડિટોરિયમમાં ૨૬ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ 'ભગવાન મહાવીર દર્શનથી વિશ્વ શાંતિ અને વિકાસ' રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન થવા જઈ રહ્યું છે. આ કોન્ફરન્સમાં જાણીતા ફિલોસોફર્સ, વિદ્વાનો, મીડિયા કર્મચારીઓ, સામાજિક કાર્યકરો, ઉદ્યોગપતિઓ, શિક્ષણ અને તબીબી ક્ષેત્રના પ્રતિષ્ઠિત લોકો ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ભગવાન મહાવીરના ૨૫૫૦મા નિર્વાણ વર્ષની ઉજવણીનું ઉદઘાટન કર્યું હતું. આ ક્રમમાં પૂજ્ય આચાર્ય લોકેશજીએ કેલિફોર્નિયા એસેમ્બલી અને સેનેટ, બ્રિટિશ પાર્લામેન્ટ, કેનેડાની ઓન્ટારિયો સંસદ અને ઉત્તારાખંડ રાજભવનમાં ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ વર્ષનું આયોજન કર્યું છે.

**રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા અને આચાર્ય લોકેશજીની હાજરીમાં 'ભગવાન મહાવીરના દર્શનથી વિશ્વ શાંતિ અને વિકાસ' નામના રાષ્ટ્રીય પરિસંવાદમાં ઘણા દિગ્ગજ લોકો ભાગ લેશે.**

**ભગવાન મહાવીરના દર્શન વર્તમાન વૈશ્વિક સંદર્ભમાં ખૂબ જ સુસંગત અને ઉપયોગી છે – આચાર્ય લોકેશજી**

આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે, "રાષ્ટ્રીય પરિસંવાદમાં ભગવાન મહાવીરના દર્શનના વિવિધ પાસાઓ અને નીતિ ઘડતર અને રોજબરોજના જીવનમાં તેનો કેવી રીતે સમાવેશ કરી શકાય તેની ચર્ચા કરવામાં આવશે. વર્તમાન સંદર્ભમાં ભગવાન મહાવીરની ફિલસૂફી એ ભારતીય સંસ્કૃતિ દ્વારા વિશ્વ શાંતિની સ્થાપના અને ટકાઉ વિકાસ માટે ખૂબ જ સુસંગત છે. ભગવાન મહાવીર ફિલસૂફીના અહિંસા, અનેકાંત અને અપરિગ્રહના ત્રણ સિદ્ધાંતો દ્વારા વિશ્વ શાંતિ અને આધ્યાત્મિકતા આધારિત વિકાસ શક્ય છે. ભૌતિકવાદી વિકાસ, આતંકવાદ અને યુદ્ધોના રૂપમાં હિંસા, ધાર્મિક કટ્ટરવાદ જેવી અનેક સળગતી વૈશ્વિક સમસ્યાઓ, અસમાનતા, શોષણ અને ભ્રષ્ટાચારના કારણે આપણા પર્યાવરણ અને કુદરતી સંસાધનોના મોટાપાયે અધોગતિનો ઉકેલ ભગવાન મહાવીરના સિદ્ધાંતો દ્વારા શક્ય છે. સેમિનારનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અમૂલ્ય મહત્વ રહેશે. 'અહિંસા વિશ્વ ભારતી'ના તમામ કાર્યકરો રાજભવનના સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 215**
વિષય : '' મનગમતી રચના "
શીર્ષક : " તો સફરમાં મજા આવે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૮૧.

ગમતો મળે સંગાથ, તો સફરમાં મજા આવે.
સોંપે હાથોમાં હાથ, તો સફરમાં મજા આવે.

ભલે ડગલે ને ડગલે ના ચાલે મારી સાથે,પણ,
છૂટે ના સ્નેહની ગાંઠ, તો સફરમાં મજા આવે.

અહંને કિનારે મૂકી, સહજ સરળ ભાવે કોઈ,
છોડીને આવે સ્વાર્થ, તો સફરમાં મજા આવે.

જિંદગીમાં દરેકની, ઘણું ઘણું ખૂટતું હોય છે,
ખૂટતાની કરે પુરાંત, તો સફરમાં મજા આવે.

ના વાદ હો ના વિવાદ 'શ્યામ' જીવન સફરમાં,
પ્રેમની હો ફક્ત વાત, તો સફરમાં મજા આવે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.343**
વિષય : મનગમતી રચના
શીર્ષક : સત્ય નો હિસાબ
પ્રકાર : પદ્ય શબ્દો: ૮૦

જીવન માં જ્યારે પુણ્ય કે પાપ કરો ત્યારે કર્મનો હિસાબ મળતો નથી,
સરવાળા માંથી બાદબાકી થાય ત્યારે દાખલાનો સાચો જવાબ મળતો નથી,
જ્યારે સર્જન માંથી વિસર્જન થાય ત્યારે ફરી જૂનો રુવાબ મળતો નથી,
સત્ય માંથી અસત્ય નાં પાટે ચાલનારા ગાડરિયા પ્રવાહને ખિતાબ મળતો નથી,
સબંધ માંથી વિચ્છેદ થાય ત્યારે સ્વાર્થી ચહેરાનો અસલી નકાબ મળતો નથી ,
અમાસનાં અંધકાર કે પૂનમનાં પ્રકાશમાં છૂપાયેલા તારાઓ ને સ્થાયી મુકામ મળતો નથી,
" ચંદ્ર " સૂર્ય વારાફરતી ઉદય અસ્તથી પ્રકાશ આપવાં છતાં કોઈ ઈલ્કાબ મળતો નથી.
" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO:- 364***
★વિષય:- મનગમતી રચના★ ★પદ્ય★
★શીર્ષક:- "તમારો સંદેશ"★
★શબ્દો:- ૧૩૨★

આસમાનના તારલાઓએ તમારો સંદેશ આપ્યો છે,
પોતાનો હોવા છતાંય આ દેશ જાણે પરાયો દેશ લાગ્યો છે !

જીવતરના કઠિન દિવસો બહુ જ આકરા હવે લાગ્યા છે,
આ દેહ રૂપી દેશમાં કેમ જીવવું ? હવે તો પરદેશ લાગ્યો છે.

સાથ નિભવનારા એક એક કરીને સાથ છોડવા લાગ્યા છે,
નહીં ધારેલ કલ્ચરમાં જુઓ કેવો વિચિત્ર આ વેશ લાગ્યો છે ?

ઓતાર ઉતરી જશે જ્યારે ચડેલી ચરબીનો - ખબર પડશે,
સમજી જાજો સાનમાં કેમ કે આ તો આવેલો આવેશ લાગ્યો છે.

મહોબ્બતની દુનિયામાં અમારો પણ કંઈક વજુદ હતો જ,
ગણકાર્યો નહીં તેથી જ પરાયો હોઉં એવો મનેખ લાગ્યો છે.

ખિસ્સા ખાલી અને ભલેને હોઈએ અમે ઠન ઠન ગોપાલ,
મારે મન જીવનપ્રવાસ જાણે કે કૂબેર - ધનેશ લાગ્યો છે !

★"આ પારકાનો મુલક છે"★ એ જાણે છે આ કવિ - શાયર,
★"પંકજ"★- તેથી જ નિજ દેહ જાણે કે પરદેશ લાગ્યો છે !

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
પ્રકાર - પદ્ય
વિષય : મન ગમતી રચના
શીર્ષક : " દારૂ ડ્રગ નો શૈતાન"

છે વિશ્વ આખું પરેશાન, નથી ઉકેલ આનો કોઈ આસાન,
ગલીએ ગલીએ નાચી રહ્યો છે નફટ દારૂ ડ્રગ્સનો શૈતાન.

લાચાર માતાઓ લાચાર સરકાર ને લાચાર છે ભગવાન,
જુવો વ્યસનના વિષ ચક્રમાં ફસાયો છે દેશનો હર યુવાન.

ભસ્મીભૂત કરી નાખશે એ નહી રહે ઈન્સાનિયત કે ઈમાન,
આ ડ્રગ્સના દાવાનળમાં કેટલા ભરખાઈ ગયા છે જુવાન.

નથી ચહેરા પર મુસ્કાન બની ગયો છે વ્યસનનો ગુલામ,
કેવો મરી મરી ને જીવી રહ્યો છે આત્મા વગરનો ઈન્સાન.

માણસ જેવો માણસ બની ગયો છે વ્હેશી દરિંદો ને હૈવાન,
રોક શકો તો રોકલો સમય છે, બાકી ખતરનાક છે અંજામ.

ચિનગારી નથી ભડકો છે આ એને આપો નહી આહવાન,
જાગો,જગાડો બધાને,ચલાવો વ્યસન મુક્તિ નું અભિયાન.

" મિત્ર" ટિક ટિક સંભળાઈ રહ્યું છે, જરા આપો થોડુ ધ્યાન,
ફૂટશે તો ફાડી નાખશે બોમ્બ પર બેઠું છે આખુ હિન્દુસ્તાન.

વિનોદ સોલંકી " મિત્ર ". લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'મનપસંદ રચના'
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- 'શુભેચ્છા ગિત –(શબ્દો :- ૧૧૦)

લાવ તારી હથેળીમાં, પતંગિયાના રંગ પૂરી દઉં,
ઉડવું છે તારે, તો તને પંખીની પાંખો મઢી દઉં.
જો વરસવું છે તારે, તો પ્રેમના વાદળ ભરી દઉં,
લો વ્હાલનું હલેસું આપી, કાગળની નાવ કરી દઉં.
મીઠી નજર પણ ન લાગે મૈયાની, એવું કરી દઉં ,
તારા ગાલના ખંજનમાં, એક કાળુ ટપકું કરી દઉં.
પગલી પગલી ચાલ, તારા હાથમાં હાથ આપી દઉં,
બોલવું છે તારે, તો તારી જીભમાં સરસ્વતી ભરી દઉં.
સમયનો ભરોસો શું ! હું અનંતની વાટ પકડી લઉં,
" રૂદ્ર " તને મારી આંખના મોતી બનાવી દઉં.
થોડું માખણ મુખમાં મૂક, દાદાને યશોદા બનાવી દઉં,
'સ્વજન'ની ગોદમાં બેસ, દાદાનો દીકરો બનાવી લઉં.

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS No-162**
વિષય- મનપસંદ રચના
પ્રકાર - પધ, શબ્દ -૮૦
શીષઁક - ગામડાનો મને ગર્વ

રોડ રસ્તા મકાનો ભલે કાચા હોય
પણ માણસો બધાય સાચા હોય.
મુંગા જીવમાંય ઘણી વાચા હોય
એક શેરીમાં કેટલાય ખાચા હોય.
" ભાગોળે ભાંભરતાં ઢોર હોય
છીંડા બહાર ચોર હોય.
આંબા ડાળે મોર હોય અને
કોલાહલ ચારે કોર હોય.
" વાળુમાં બાજરીના રોટલા હોય
ખૂણા વચ્ચે ખાટલા હોય.
ડેલીની બાર મોટા ઓટલા હોય
ઘેર ઘેર લાંબા ચોટલા હોય.
" પાગડ વાયા પેલા સૌ ઉઠતા
ચોરે ઘંટ નગારા વાગતા
બળદ લઈને ખેડુત ભાગતા હોય
દી આથમે તો યે નો થાકતાં હોય
" નદીયુના પાણી સૌ પીતા હોય
શત શત આયુ જીવતા હોય
છાશને રોટલો સૌ ખાતા હોય
તો યે ગીત ખુશીના ગાતા હોય.

રેખા નાકરાણી..નવી મુંબઈ .??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:226**
વિષયઃ મનપસંદ રચના
કૃતિ : પદ્ય
શિર્ષકઃનામ ના હોત તો?
શબ્દો:૬૯
?
નામ ના હોત તો??

?જો આપણું નામ જ ના હોત તો શું થાય?
દુનિયાને આપણી ઓળખ કેમની થાય?

કોઈ આપણને કેવી રીતે રે! બોલાવતા?
સૌ આપણને કહો નંબરથી બોલાવતા?

સગપણને વિચાર કરો કોઈ નામ હોતાં?
વળી સગપણોના કેવાં કેવાં નામ હોતાં?

જન્મનાં દાખલે વિચારો શું નામ લખતાં?
પરિણય કર્યે કંકોત્રીમાં શું નામ લખતાં?

લોકોને આપણે જ ક્યા નામે બોલાવતાં?
યમરાજ આપણું તેડું ક્યા નામે મોકલતાં?
સુભાષ ઉપાધ્યાય 'મેહુલ',અમેરિકા

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત

મહાસંઘ ગુજરાતના પ્રાંત પદાધિકારીઓ ★રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (પ્રાથમિક સંવર્ગ) ભીખાભાઈ પટેલ, રાષ્ટ્રીય સહ સચિવ (પ્રાથમિક સંવર્ગ) તથા પ્રાંત મહિલા ઉપાધ્યક્ષ પલ્લવીબેન પટેલ, પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, પ્રાંત મહામંત્રી પરેશભાઈ પટેલ (આણંદ), પ્રાંત સંગઠન મંત્રી સરદારસિંહ મછાર, અતરિક્ત મહામંત્રી પરેશભાઈ પટેલ (ગાંધીનગર), પ્રાંત સહ સંગઠન મંત્રી રમેશભાઈ ચૌધરી, પ્રાંત સહ સંગઠન મંત્રી તથા પ્રાથમિક સંવર્ગ અધ્યક્ષ અનિરુદ્ધસિંહ સોલંકી તથા અન્ય પદાધિકારીઓ★ દ્વારા સરકાર સાથે થયેલ મંત્રણા ત્યારબાદ ની જાહેરાત અનુસાર તારીખ ૦૧-૦૪-૨૦૦૫ પહેલા નિમાયેલ શિક્ષકો તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા ઠરાવ બહાર પાડવા ★પ્રવક્તા તથા આરોગ્ય મંત્રી માનનીય શ્રી ઋષિકેશભાઈ પટેલ★ તથા મંત્રણા સમિતિના મંત્રીઓ માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબ, માનનીય શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ, માનનીય શિક્ષણ મંત્રી (રાજ્યકક્ષા) શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા સાહેબ, માનનીય કેબિનેટ મંત્રી શ્રીબચુભાઈ ખાબડ સાહેબ સાથે આજની કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ સાંજે ૫-૪૫ વાગ્યા સુધી વિવિધ તબક્કાઓમાં સાથે બેઠક કરી ઝડપથી ઠરાવ થાય તે અંગે હજારો શિક્ષકોની લાગણી પહોંચાડવામાં આવી.



★તારીખ ૦૧-૦૪-૨૦૦૫ પહેલાંના ઠરાવ અંગે...★

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની માંગણી અન્વયે કેબિનેટ બેઠક બાદ સરકાર દ્વારા કરેલ જાહેરાત અનુસાર ઠરાવ પ્રસિદ્ધ કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આપણી માંગણી સંતોષવામાં માનનીય મુખ્યમંત્રીશ્રીનો હર હંમેશ સકારાત્મક અભિગમ રહયો છે. પ્રવક્તા મંત્રી માનનીય શ્રી ઋષિકેશભાઈ પટેલ સાહેબ દ્વારા કરવામાં આવેલ જાહેરાત અનુસાર ઠરાવ બહાર પડશે.

★નવનિર્વાચિત પ્રાંત તથા વિવિધ સંવર્ગ ટીમના પદાધિકારીઓનો માનનીય શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ તથા શિક્ષણ મંત્રી શ્રી રાજ્યકક્ષા પ્રફુલભાઈ પાનસેરીયા સાહેબ સાથે પરિચય★

વર્તમાનમાં આણંદ ખાતે યોજાયેલ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રાજ્ય કારોબારી તથા સામાન્ય સભામાં નવનિર્વાચિત પ્રાંત ટીમ તથા વિવિધ સંવર્ગના પદાધિકારીઓનો બંને શિક્ષણ મંત્રી સાથે વિધિવત બેઠક કરી વિસ્તૃત પરિચય કરાવવામાં આવ્યો. ★॥ ??????? ?? ??? ??? ?????? ?????? ?? ??? ??? ?????? ?????? ?? ??? ??? ????॥★ આ ધ્યેય વાક્યને વાસ્તવમાં જ સંગઠન દ્વારા ચરિત્રાર્થ કરવામાં આવે છે. તેવું શિક્ષણમંત્રી શ્રી એ સંબોધનમાં જણાવ્યું. ★પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ★ દ્વારા સરકાર સાથે સમન્વય જાળવી ધ્યેય વાક્ય અનુસાર સંગઠન કાર્ય કરતું રહેશે તથા સકારાત્મક અભિગમ સાથે સહકાર સાથે આગળ વધશે તેમ જણાવ્યું. પ્રાંત ટીમ તથા વિવિધ સંવર્ગના ૪૫ થી વધુ પદાધિકારીઓનો આ બેઠકમાં પરિચય આપવામાં આવ્યો.

★વિવિધ સંવર્ગના પડતર પ્રશ્નો અંગે...★

પ્રાથમિક સંવર્ગમાં નવી ભરતી પહેલા જિલ્લા ફેર બદલીનું શિડ્યુલ ઝડપથી જાહેર કરવામાં આવે તે અંગે માનનીય શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર સાહેબ માનનીય નિયામકશ્રી સાથે વિસ્તૃત રજૂઆત કરી ચર્ચા વિચારણા કરવામાં આવી. સંગઠન દ્વારા આ અંગે પૂર્ણ કક્ષાના પ્રયત્નો કરવામાં આવશે.

★ગ્રાન્ટેડ પ્રાથમિક સંવર્ગના પ્રશ્નો અંગે...★

ગ્રાન્ટેડ પ્રાથમિક સંવર્ગના પડતર પ્રશ્નોમાં શિક્ષકોને કાયમી ફાજલનું રક્ષણ, ૪૨૦૦ ગ્રેડ પે તથા આર.ટી.ઈ. નિયમો ગ્રાન્ટેડ પ્રાથમિક લાગુ કરવા જે રજૂઆત થઈ હતી તેમાંથી આર.ટી.ઈ નિયમો ગ્રાન્ટેડ પ્રાથમિક માં લાગુ કરવાની કામગીરી અંગે સકારાત્મક નિર્ણય લેવાઈ શકે છે(ઊઁછ્ આચાર્ય ની ભરતી, અને ખાલી જગ્યાઓ ભરવા માટે). આને કારણે બીજા પ્રશ્નો ઉકેલવામાં આધારભૂત સહાયતા મળશે. ફાજલના કાયમી રક્ષણ અંગેની ફાઈલ માનનીય મુખ્ય સચિવ શ્રી પાસેથી બે ત્રણ વખત પરત આવી છે. તેની માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સાહેબ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી. નાણામંત્રી શ્રી દ્વારા આ અંગે હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો છે. માનનીય શિક્ષણ મંત્રી શ્રી દ્વારા જે કક્ષાએ ફાઈલ પેન્ડિંગ છે તેને આગળ ધપાવવા માટે ટેલિફોનિક સૂચના આપી તથા વ્યક્તિગત રસ લઈ ઘટતું કરવા ખાત્રી આપવામાં આવી છે. ગ્રાન્ટેડ પ્રાથમિક સંવર્ગના પ્રશ્નો સત્વરે ઉકેલ તે માટે આગામી સમયમાં અધિકારીશ્રીઓ સાથે બેઠક કરવાની પણ શિક્ષણ મંત્રી શ્રી દ્વારા ખાત્રી આપવામાં આવી છે. આગામી દિવસોમાં આ બેઠક યોજાશે.

★ગ્રાન્ટેડ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા આચાર્ય સંવર્ગ...★

ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા આચાર્ય તથા શિક્ષકોને ઓનલાઇન કામગીરીનું ભારણ, આચાર્ય સંવર્ગના વિવિધ મુંજવણ ઉભી કરે તેવા નિયમને કારણે પડતી તકલીફ, ગુજરાત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ના સામાન્ય પ્રવાહના ટાઈમ ટેબલ અંગે, બોર્ડ પરીક્ષાના દંડ તથા તેની પ્રક્રિયા પારદર્શક બને, આચાર્ય તથા જુના શિક્ષકની ભરતી ઝડપથી પૂર્ણ થાય, મંજુરમાં મહેકમ અનુસાર નિયમિત ભરતી થાય, જ્ઞાન સહાયક ની નિમણૂંકથી પડતી તકલીફ તેમજ અન્ય પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી. આગામી દિવસોમાં આ અંગે ફરીથી બેઠક કરવામાં આવશે.

★સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંવર્ગની રજૂઆત અંગે..★

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંવર્ગની માંગણી અનુસાર ભરતી પહેલા બદલી કેમ્પ યોજાઈ તે અંગે શિક્ષણ વિભાગ તથા શિક્ષણ મંત્રી શ્રી સકારાત્મક છે. અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા સંમતિ આપવામાં આવી. ટ્રાવેલ એનાઉન્સ અન્વયે વિસંગતતાઓ દૂર કરવા તથા માગવામાં આવતા પ્રમાણપત્ર અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી જેમાં સંકલન કરી યોગ્ય નિર્ણય લાવવા સહમતી દર્શાવવામાં આવી. સંવર્ગ દ્વારા લેટરપેડ પર કરેલ માંગણી અનુસાર તમામ પાસા ઉપર ઉપસ્થિત પદાધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી.

★ઊઁછ્ સંવર્ગના પ્રશ્નો અંગે...★

સંગઠન તથા માનનીય શિક્ષણ મંત્રીશ્રીના સઘન પ્રયત્નોથી આજે ઊઁછ્ જિલ્લા આંતરિક અંગે શિક્ષણ મંત્રીશ્રી દ્વારા આનંદની લાગણી વ્યક્ત કરવામાં આવી. આ માટે સંગઠન દ્વારા માનનીય શિક્ષણ મંત્રી શ્રી નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. બાકી પ્રશ્નોમાં જિલ્લા ફેર નું શિડયુલ તથા એચ.ટાટ આચાર્યોને પ્રાપ્ત રજા સર્વિસ બુકમાં જમા કરવા જેવી તમામ બાબતો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. આ પ્રશ્નોના ઉકેલ માટે અગાઉની જેમ સંગઠન સતત પ્રયત્નશીલ રહેશે.

★અન્ય પદાધિકારીઓમાં પ્રાંત ટીમ મહિલા મંત્રી અક્ષીતાબેન જાની,શૈક્ષિક પ્રકોષ્ઠના પ્રમુખ એવમ પ્રાંત આચાર્ય સંવર્ગના સહ સંગઠનમંત્રી તરુણભાઈ વ્યાસ, પ્રચાર પ્રમુખ રાકેશભાઈ ઠાકર, વિવિધ પ્રકોષ્ઠ પ્રમુખશ્રીઓ ગ્રાન્ટેડ પ્રાથમિક સંવર્ગના અધ્યક્ષ ઉજવલભાઈ પટેલ, મહામંત્રી જગદીશભાઈ બારીયા, ગ્રાન્ટે માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ રાજેન્દ્રસિંહ રાવલજી, મહામંત્રી જીતેન્દ્રભાઈ ઠાકર, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના મહામંત્રી ડો. પ્રહલાદભાઈ ચૌધરી, સરકારી માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ નયનભાઈ વાજા, મહામંત્રી ચિરાગભાઈ પટેલ, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના અધ્યક્ષ ચેતનાબેન ભગોરા, મહામંત્રી હિતેન્દ્રભાઈ કણજારીયા, કાર્યાલય મંત્રી તથા એચ. ટાટ. પ્રતિનિધિ ડો. પિયુષભાઈ છાપિયા તથા અન્ય જવાબદાર સૌની ઉપસ્થિતિ રહી.★

★ભવદીય,★
★અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ★

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉદ્યોગોના વિકાસ તથા વાઇબ્રન્ટ સમિટ જેવા વિવિધ આયોજન થકી રોજગારીનું નિર્માણ કર્યું છે: ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ




ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલની ઉપસ્થતિમાં ×જોબ મેળા તથા અલ્યુમની મીટ× કાર્યક્રમ યોજાયો હતો. દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (હ્રહ્રૈં-સ્દ્રરૂ) હેઠળ ગ્રામ્યસ્તરના ગરીબી રેખા નીચે જીવતા ૧૮ થી ૩૫ વર્ષના યુવકો તથા યુવતીઓને તેમની જરૂરિયાત મુજબ કૌશલ્ય વર્ધન તાલીમ આપી, તેમને રોજગારીની તકો પૂરી પાડવાના હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામ વિકાસ વિભાગની ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (ય્ન્ઁઝ્ર) ની દેખરેખ હેઠળ, આ યોજના સાથે સંકળાયેલ અને તાલીમ મેળવેલ ૪૫૦ જેટલા લાભાર્થીઓને ગ્રામ વિકાસ મંત્રીશ્રીના હસ્તે રોજગારી માટેના નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ તાલીમ મેળવેલ યુવક-યુવતીઓના ૧૫ જેટલી કંપનીઓના પ્રતિનિધિશ્રીઓ દ્વારા જોબ માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા તથા ભૂતપૂર્વ તાલીમાર્થીઓ માટે અલ્યુમની મીટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજયના યુવાનોના ઉજજવળ ભવિષ્ય સારું રોજગારી પૂરી પાડવા માટે આગોતરું આયોજન કર્યું હતું. જે અંતર્ગત તેમણે ઉદ્યોગોના સર્વાંગી વિકાસ તથા વાઈબ્રન્ટ સમિટ જેવા વિવિધ આયોજન દ્વારા રોજગારી પૂરી પાડી હતી. રાજ્યના યુવક અને યુવતીઓને કૌશલ્ય વર્ધક તાલીમ મળી રહે તે માટે વર્ષ ૨૦૧૪-૧૫ માં રાજ્ય સરકાર દ્વારા દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત તાલીમાર્થીઓને વિવિધ સુવિધાઓ આપવામાં આવે છે, જેથી તાલીમ લેવામાં અનુકૂળતા રહે અને વધુમાં વધુ યુવક-યુવતીઓ આ યોજનાનો લાભ લઈ પગભર થઈ શકે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર યુવાનોની રોજગારી માટે સતત પ્રયત્ન કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત સરકાર વિકસિત ગુજરાત બનાવવા ભગીરથ કાર્ય કરી રહી છે. રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા જુદી જુદી કંપનીઓનો સામેથી સંપર્ક કરીને જોબ મેળાનું આયોજન કરવામાં આવે છે. આજના આ જોબ મેળામાં ૪૫૦ લાભાર્થીઓને નિમણૂંક પત્રો આપી રોજગારી પૂરી પાડવામાં આવી છે, તે ખૂબ આનંદની અને ગૌરવની વાત છે. મંત્રીશ્રીએ રાજ્યના યુવક અને યુવતીઓને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.ગ્રામ વિકાસ વિભાગના સચિવ શ્રીમતી મનિષા ચંદ્રાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે યુવાનોના કૌશલ્ય ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાજ્યના કુલ ૩૩ જીલ્લામાં દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ અત્યાર સુધીમાં ૩૦,૦૦૦ થી વધુ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. આ ઉપરાંત ૨૩,૦૦૦ થી વધુ લાભાર્થીઓને રોજગારી, તથા ૧૪૦૦ જેટલા લાભાર્થીઓને કૌશલ્ય વર્ધન તાલીમ પૂરી પાડવામાં આવી છે. આ યોજના હેઠળ ગ્રામ્યસ્તરના ગરીબી રેખા નીચે જીવતા યુવકો તથા યુવતીઓના કૌશલ્યને જીર્જ્ઞં જીૈંઙ્ઘૈહ્વ (જીજીઝ) મારફતે પ્રમાણિત કરીને યુવાનોને ઓટોમોબાઈલ, હોસ્પિટાલિટી, ફિટર, વેલ્ડર જેવા ૭૦ થી વધુ કૌશલ્ય વર્ધક કોર્ષની તાલીમ આપીને રોજગારીની તકો પૂરી પાડવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાનો લાભ લેનાર દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની લાભાર્થી બામણીયા પ્રિયંકા રાજુભાઈએ તેમના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, આ યોજના થકી મારા જીવનમાં હકારાત્મક પરિવર્તન આવ્યું છે અને હું આત્મનિર્ભર બની છું. તેવા જ બીજા એક લાભાર્થી અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના રેહવાસી વસાવા મેહુલ સુરેશભાઈએ કહ્યું હતું કે, આ યોજના અને તાલીમ કોર્ષ થકી હું મારા પરિવારને આર્થિક રીતે ખૂબ મદદરૂપ થઈ શક્યો છું, તે બદલ ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભારી છું.

આ કાર્યક્રમમાં ગ્રામ વિકાસ વિભાગના અધિક કમિશનર શ્રી સુજલ મયાત્રા, ય્ન્ઝ્ર ના ઈન્ચાર્જ એમડી શ્રી વિશાલકુમાર ગુપ્તા, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, સખી મંડળની બહેનો, રોજગારી આપનાર સંસ્થાનાં પ્રતિનિધિશ્રીઓ તથા લાભાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોટી બાંડીબાર માં B.S.N.L 4G સેવા અને BSNL હાઈસ્પીડ ઇન્ટરનેટ સેવાનો સાંસદનાં હસ્તે શુભારંભ




ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા મોટી બાંડીબાર ખાતે ટેલીફોન એક્સચેન્જ ની છત ઉપર બીએસએનએલ ટાવર ચાલુ કરવામાં આવેલ હતો જેમાં મ્જીદ્ગન્ ૪ય અને મ્જીદ્ગન્ હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવાનો આજરોજ સાંસદ શ્રી જસવંત સિંહ ભાભોર નાં હસ્તે શુભારંભ કરાયો. જેમાં મ્જીદ્ગન્ નાં જીએમ મનીષ તલેરા, એર ફાઇબર બીએસએલ વિનોદભાઈ રાવલ, પત્રકાર શ્રી અભેસિંહ રાવલ, દિપક રાવલ, બાંડીબાર સરપંચ , બાંડીબાર જિલ્લા પંચાયત સદસ્ય સી.કે.મેડા અધિકારીઓ. આજુબાજુના ગામોના સરપંચો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં આ સેવાનો શુભારંભ કરાવતા સાંસદ શ્રી તથા ઉપસ્થિત અધિકારીએ વિસ્તૃત જાણકારી આપી હતી અને વધુ માં સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા વિલેજ વાઈફાઇ ની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવાની વાત કરી હતી. ઉપસ્થિત ગ્રામજનો દ્વારા નેટવર્ક ને લગતી સમસ્યા માટે ટોલ ફ્રી નંબર તથા અધિકારીઓ ના સંપર્ક નંબરો ની માહિતી મુકવાની રજૂઆત કરવામાં આવી હતી

દિપક રાવલ દાહોદ

## ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ વિભાગના "રૂરલ ડેવલપમેન્ટ રિર્પોટિંગ એન્ડ રિવ્યૂ" કોલ સેન્ટરનો શુભારંભ કરાવતા ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ

ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે ગ્રામ વિકાસ વિભાગના નવીન પ્રકલ્પ ×રૂરલ ડેવલપમેન્ટ રિર્પોટિંગ એન્ડ રિવ્યૂ× કોલ સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો. આ વેળાએ ગ્રામ વિકાસ વિભાગના સચિવ શ્રી મનીષા ચંદ્રા ઉપસ્થિત રહ્યા હતા.ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ કોલ સેન્ટરના શુભારંભ પ્રસંગે કોલ સેન્ટરના કર્મચારીઓ અને ફોનલાઈનના માધ્યમથી ગ્રામ વિકાસ વિભાગની યોજનાના લાભાર્થીઓ સાથે પ્રત્યક્ષ સંવાદ કર્યો હતો.ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના વેગવંતા વિકાસ અને ઉજજવળ ભવિષ્ય માટે રાજ્ય સરકાર દ્વારા ગામડાઓને સ્માર્ટ સોલ્યુશન સાથે જોડવામાં આવી રહ્યા છે. આ કોલ સેન્ટર રાજ્ય સરકારની ટેકનોલોજી આધારિત ગ્રામ્ય વિકાસની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. આ કોલ સેન્ટરના માધ્યમથી ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ વધુ મંજબૂત બનશે, તેમ ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.ગ્રામ વિકાસ વિભાગ હેઠળની પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા)



અને સ્વચ્છ ભારત મિશન (જીમ્સ્) જેવી મુખ્ય યોજનાઓની પારદર્શકતા અને કાર્યક્ષમતામાં સુધારો લાવવાના મુખ્ય હેતુ સાથે આ કોલ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે.

રૂરલ ડેવલપમેન્ટ રિર્પોટિંગ એન્ડ રિવ્યૂ કોલ સેન્ટરના માધ્યમથી રાજ્ય સરકાર લાભાર્થીઓ પાસેથી રિયલ-ટાઈમ પ્રતિસાદ એકત્ર કરશે. આ પ્રતિસાદોના આધારે યોજનાના અમલીકરણમાં વધુ ચોકસાઈ આવશે, તેની કાર્યક્ષમતામાં પણ વધારો થશે તેમજ સરકાર અને નાગરિકો વચ્ચે સીધો સંવાદ સ્થાપિત થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, આ કોલ સેન્ટર પ્રતિદિન આશરે ૧૫૦૦થી વધુ કૉલ્સ સંભાળશે અને નાગરિકો પાસેથી મૂલ્યવાન પ્રતિસાદ એકત્ર કરશે. સાથે જ, વિવિધ યોજનાઓના લાભ યોગ્ય લાભાર્થી સુધી પહોંચ્યા કે કેમ તે સુનિશ્ચિત કરવા સતત મોનીટરીગ કરશેઆ કોલ સેન્ટર રાજ્ય સરકારને સુનિશ્ચિત કરવામાં પણ મદદરૂપ થશે કે યોજનાઓ યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચે. આ પહેલ ગ્રામ્ય નાગરિકોને તેમની ચિંતાઓ અને સૂચનો દર્શાવવાની તક આપીને રાજ્યના સર્વાંગી વિકાસમાં યોગદાન આપશે.



## Google (સોફ્ટવેર એન્જિનિયરિંગ) સાથે પ્રતિષ્ઠિત ૧.૨૫ લાખની માસિક ઇન્ટર્નશિપ માટે નિરમા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની પસંદગી

નિરમા યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જીનીયરીંગ વિભાગના બે, ત્રીજા વર્ષના બીટેક વિદ્યાર્થીઓ, વિધિ પટેલ અને દિયા શાહે ગૂગલમાં પ્રતિષ્ઠિત સોફ્ટવેર એન્જીનીયરીગ (જીઉઈ) ઈન્ટર્નશીપ મેળવી છે. નિરમા યુનિવર્સિટી માટે જ સખત કેમ્પસ ભરતી પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલ, વિદ્યાર્થીઓએ કસોટીઓ અને ઈન્ટરવ્યુની શ્રેણીમાં અસાધારણ કૌશલ્યોનું પ્રદર્શન કર્યું, જેમાં કોમ્પ્યુટર વિજ્ઞાનમાં તેમની નિપુણતા દર્શાવી.આ પ્રખ્યાત ઈન્ટર્નશિપ, જે ?૧.૨૫ લાખનું માસિક સ્ટાઈપેન્ડ ઓફર કરે છે, તે ૭ મહિના સુધી ચાલશે. વિધિ અને દિયાને ય્ર્ર્ખ્તઙ્મી પર વિશ્વ-સ્તરના એન્જિનિયરો સાથે સહયોગ કરવાની અને નવીન પ્રોજેક્ટ્સમાં યોગદાન આપવાની તક મળશે. આ અનુભવ અમૂલ્ય ઉદ્યોગ એક્સપોઝર પ્રદાન કરશે, તેમની કુશળતાને વધુ માન આપશે અને ટેક ઉદ્યોગમાં ભાવિ સફળતા માટે તેમને સ્થાન આપશે તેવી અપેક્ષા છે.

# આદિવાસીઓના જીવન પરિવર્તનમાં બદલાવ લાવી તેઓને આત્મનિર્ભર બનાવવા આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ :- આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર

વિકસિત ભારત જ૨૦૪૭ના ભાગરૂપે ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સલન્સ, ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ વિભાગની ત્રિ-દિવસીય ચિંતન શિબિરનો આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને આદિજાતી વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની વિશેષ ઉપસ્થિતિમાં શુભારંભ થયો હતો.

ચિંતન શિબીરનો શુભારંભ કરાવતા કેબીનેટ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે આદિવાસીઓના જીવન પરિવર્તનમાં બદલાવ લાવી તેઓને આત્મનિર્ભર બનાવવા માટે સૌને સંકલ્પબદ્ધ બનવા આહ્વાન કરતા જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિરમાં નવા વિચાર, નવા સંકલ્પ, અને નવી ઊંર્જા સાથે આપણે સૌ એ આદિજાતિ વિકાસના ઉત્થાન માટે કાર્ય કરવાનું છે. આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં ભાગ લઈ રહેલા અધિકારીઓએ કઈ રીતે આદિવાસી નાગરિકો આર્થિક રીતે વધુને વધુ સજ્જ થાય અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે તે માટે સૌ એ આત્મમંથન કરીને તે દિશામાં કામ કરી આયોજન કરવાનું છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ-૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરી હતી તેની સફળતાને પરિણામે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં હાલ ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજના -૨ કાર્યરત છે, આ વર્ષે બજેટમાં આદિવાસીઓના ઉત્થાન માટે રૂ.૪૩૭૪ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે, જેમાં આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ, અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્શીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલ્સ વગેરે યોજનાઓના માધ્યમ થકી રાજ્ય સરકારે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને શિક્ષિત બનાવી મુખ્ય હરોળમાં લાવવાનો પ્રયાસ કર્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વિકસિત ભારતજ૨૦૪૭ નિર્માણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ ભારત સુવર્ણકાળ તરફ આગળ વધી રહ્યો છે ત્યારે આદિવાસી સમાજ પણ અન્ય સમાજથી પાછળ ન રહી જાય તે જોવાની જવાબદારી આપણા સૌ આદિજાતિ વિકાસ સાથે જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની છે. આ સમાજે ક્યારે કોઈપણ પ્રકારની માંગણી કરી નથી તો આપણી જવાબદારી છે કે, આપણે આદિવાસી સમાજને મળતા તેમના લાભો અને હકો સહિતની પ્રાથમિક જરૂરિયાતો સમયસર તેમના સુધી પહોચે એ આપણી પ્રાથમિક ફરજ છે. આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં આદિવાસીઓના પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, કુપોષણ, જીવનધોરણ, તેમજ સિંચાઈ અને ખેતી જેવા વિષયો ઉપર ચર્ચા કરવામાં આવશે. આ ચિંતન શિબિરની ફલશ્રુતિના પરિણામો અધિકારીઓ મારફતે આવનારા સમયમાં આદિવાસીઓને મળે તેવી આશા મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

આદિજાતી વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિર મારફતે સૌ અધિકારીઓએ આદિજાતિના વિકાસ માટે વિચાર કરી તેમના જીવનને આગળ લાવવાની દિશામાં કાર્ય કરવાનું છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિકસિત ભારતનો સંકલ્પ ત્યારે જ સાકાર થશે જયારે છેવાડાના માનવીનો સર્વાંગી વિકાસ થશે.



આદિજાતિ વિકાસ વિભાગના અધિકારીઓ- કર્મચારીઓએ આદિવાસી સમાજને આગળ લાવવા એવું કાર્ય કરવાનું છે કે, અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લઈને પોતાના રાજયમાં તે દિશામાં કાર્ય કરે તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમા આદિજાતિ વિકાસના અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી.ગુપ્તા, આદિજાતિ વિકાસના કમિશનર શ્રી સુપ્રીત સિંઘ ગુલાટી તેમજ ચિંતન શિબિરમાં આવેલ આદિજાતિ વિભાગના અધિકારીઓએ સહભાગી બની આ શિબિરમાં ચિંતન કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.